**<u>વિરમગામના મહે.એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મું.વિરમગામ.</u>**

**ફો. કે. નં.૩૩૨૩/૨૦૨૫**
**આંક– ૦૭**

શ્રી સ ર કા ર ..... ..... ફરિયાદી

**<u>વિરૂધ્ધ</u>**

(૧) નરેશભાઈ રમેશભાઈ મકવાણા,ઉ.વ.૪૫,
રહે. વિરમગામ,મચ્છીપીરની દરગાહ સામે,બસ સ્ટેશન રોડ, તા.વિરમગામ,
જી.અમદાવાદ

......આરોપી

ગુનો– **જુગાર ધારાની કલમ–૧૨(અ)** મુજબ

**<u>// ઠરાવ//</u>**

**૧.** આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ફરિયાદમાં જણાવેલ સમયે જાહેરમાં ગે.કા. વર્લી મટકાનો આંક ફરકનો પૈસાની હારજીતનો જુગાર રમી રમાડી રોકડ રકમ સાથે મળી આવી **જુગાર ધારાની કલમ–૧૨(અ)** મુજબનો ગુન્હો કરેલ જેથી તે અંગેનું પંચનામું કરી તેઓની ધરપકડ કરવામાં આવેલ અને કાયદેસરની ફરિયાદ કરવામાં આવેલી, તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો જણાતા અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**૨.** આરોપીઓ સામેના ગુના સબબ આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતાં આરોપીને અગાઉ પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ, આરોપીએ પોતાની સામેના ગુનાની કબુલાત પુરસીસ રજુ કરેલ છે ત્યારબાદ આરોપીની પ્લી નોંધતા ગુનો કરેલાનું કબુલ કરતા હોય તેમજ મુદ્દામાલ રોકડ રકમ અંગેની '' નો કલેઈમ પુરસીસ'' રજૂ કરતા હોય, આરોપીને ગુનાની સજાની તેમજ દંડની જોગવાઇ અંગે સમજ આપવામાં આવેલી, આરોપીએ આપેલ કબુલાત ખરી અને સ્વેચ્છીક હોય, આરોપીનો હાલનો પ્રથમ ગુનો હોય, આરોપીનો હાલનો પ્રથમ ગુનો હોય, આરોપી ગરીબ કુટુંબના એકમાત્ર કમાનાર વ્યકિત હોય, પોતાના કુટુંબના સભ્યોની તેઓ પર જવાબદારી રહેલ હોય, ગુનો થવા બદલ અફસોસ, દિલગીરી વ્યકત કરતા હોય, ફરી ગુનો ન બને તેની ખાત્રી આપતા હોય, નામદાર ગુજરાતની વડી અદાલત ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧)

જી.એલ.આર.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવરલાલ હરીચંદ્રજી ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતો ધ્યાનમાં રાખી નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઇ કરતા પણ ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આમ, સદરહું ચુકાદાના પાના નં.૭૨૧ ઉપર પેરા ૨૧ માં કારણો જણાવેલા છે તે ધ્યાને લેતાં ઉપરોકત ચુકાદો આરોપીની સ્થિતિ અને સંજોગો ધ્યાને લઇ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા અને દંડ કરવો જોઇએ તેમ મારૂ નમ્રપણે માનવું છે તેવા સંજોગોમાં કેસના સંજોગો અને કાયદાની જોગવાઇ ધ્યાને રાખી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

(૧) આ કામના આરોપીને બી.એન.એસ.એસ કોડની કલમ–૨૭૮ મુજબ **જુગાર ધારાની કલમ–૧૨(અ)** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા આરોપીને **રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. કુલ દંડ **રૂા.૨૦૦/– ( અંકે રૂપિયા બસો પુરા).**

(૨) સદર કામે કબજે કરવામાં આવેલ વેલ્યુએબલ મુદ્દામાલ રોકડ રકમ ધોરણસર સરકાર ખાલસા કરવી તેમજ બિનકિંમતી મુદ્ધામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજ તા.૧૩ મી માહે: ડીસેમ્બર સને: ૨૦૨૫ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૧૨/૨૦૨૫
વિરમગામ

(ધનંજય જગદીશચંદ્ર વ્યાસ)
એડી.સીની સિવિલ જજ અને
એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
વિરમગામ.
(જજ કોડ–જીજે૦૧૨૬૩)